હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ભાઇ તારી પાસે એવુ સ્માર્ટ ટીવીછે કે જ્યારે ટી.વી એકંર બુમો પાડવા લાગે ત્યારે વૉલ્યુમ ઓછઓ થઇ જાય...!!!

પીડીપીયુ કોલેજના વિદ્યાર્થીએ કેનાલમાં મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પીડીપીયુ કોલેજ ખાતે બીટેકના દ્વિતીય સેમમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પરિક્ષા દરમિયાન ચોરી કરતા પકડાઈ ગયો હતો. જેથી પીડીપીયુ કોલેજ તંત્ર દ્વારા તેનો મોબાઈલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. પરંતુ કોલેજ તંત્ર દ્વારા આ મુદ્દે પરિવારને જાણ કરવામાં આવી ન હતી. જેથી કોલેજ થી ઘરે જવા માટે નીકળેલા યુવકે સુઘડ નર્મદા કેનાલ ખાતે મોતનો કુદકો લગાવી આપઘાત કર્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા શરણ રેસીડેન્સી ખાતે રહેતા નારાયણ દાસ રેલ્વે ચીફ રીઝર્વેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જયારે પરિવારમાં પત્ની અને પુત્ર અમન હતો. જયારે અમન પીડીપીયુ કોલેજ ખાતે અભ્યાસ કરતો હતો. ગતરોજ બુધવારના અમન પીડીપીયુ કોલેજ ખાતે પરિક્ષા આપવા માટે આવ્યો હતો. પરિક્ષા દરમિયાન અમન ચોરી કરતા પકડાઈ ગયો હતો. જેને પગલે અમન સામે કોપીકેસ કરીને મોબાઈલ કોલેજ સત્તાધિશોએ લઈ લીધો હતો. જેથી અમન નાસીપાસ થઈ હતો. કોલેજ થી ઘરે જવા માટે નીકળેલ અમન સુઘડ નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. જયારે મોડીરાત સુધી અમન કોલેજ થી ઘરે ન પહોંચતા પરિવારજનો દ્વારા તેનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારપછી કોલેજ ખાતે આવી અમન અંગે પુછપરછ કરતા પરિવારને જાણ થઈ કે અમન સામે કોલેજ દ્વારા કોપી કેસ કરવામાં આવ્યો છે. અને તેનો મોબાઈલ પણ લઈ લેવામાં આવ્યો છે. જે મોબાઈલ કોલેજ સત્તાધિશોએ રાત્રીના સમયે પરિવારને પરત કર્યો હતો અને કોપીકેસની જાણ નહી કરીને ગંભીર બેદરકારી દાખવી હોવાનો આક્ષેપ પણ યુવકના પરિવારજનોએ કર્યો છે. જયારે ઈન્ફોસીટી પોલીસ મથકે અમનના ગુમ થવા અંગે જાણ કરાઈ હતી. તો બીજીતરફ કોલેજના સિકયુરીટી ગાર્ડ સહિત તેના મિત્રોએ અમનની શોધખોળ આદરી હતી. ત્યારે સુઘડ કેનાલ પાસેથી તેનુ બાઈક બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. સવારે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી, પરંતુ યુવકનો મૃતદેહ કિનારે તરતો મળી આવતા પરિવાજનો પણ કેનાલ ખાતે આવ્યા હતા. યુવકનો મૃતદેહ જોઈ પરિવાર પર આભ તુટી પડ્યું હતું. પરિવારજનોના હૈયાફાટ રૂદનને પગલે વાતાવરણ શોકમય બની ગયુ ંહતું. જયારે અડાલજ પોલીસે પણ આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાના મેડીકલ ઓફિસર હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામી આજથી રજા પર ગયા છે. તેમનો ચાર્જ ડૉ. હર્ષદ રાઠોડને આપવામાં આવ્યો છે.

● ભાજપના પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ ગુજરાત આવી રહ્યા છે તો રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એસ. સંતોષ પણ ફરી ગુજરાત આવી રહ્યા છે.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે પોર ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

● પ્રદેશ ભાજપની ચિંતન શિબિર કેન્સવિલે બાવળા નળસરોવર રોડ ખાતે ૧૫-૧૬ ના રોજ યોજાશે.

● ગરમીના પ્રકોપને લઈ આજે ગાંધીનગરના મુલાકાતીઓ ઘણા ઓછા હતા.

● જિલ્લા પંચાયતમાં આજે પ્રાકૃત્તિક ખેતીના ઉત્પાદનોના વેચાણ અને જોવા માટેનો સ્ટોલ કરવામાં આવ્યો છે.

● ખાદ્ય પત્રકાર દેવર્ષિ નારદજીની જન્મ જયંતિ ૧૫મી મે ના રોજ ભારતમાતા મંદિર, સે. ૭ ખાતે યોજાશે.

● ધો. ૧૨ના નિરાશાજનક પરિણામને પગલે આજે ગાંધીનગરના શિક્ષણજગતમાં સન્નાટો જોવા મળ્યો હતો.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગરમીના પ્રકોપને પગલે સ્કીન ડિલીઝના દર્દીઓની ઓ.પી.ડી.માં વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં નિયત સમયમર્યાદા કરતાં વહેલો પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠી છે.

ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર/ વાયરમેનની પરીક્ષા ૧૫મીથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના જુદા જુદા કેન્દ્રો ખાતે તા.૧૫-૫-૨૦૨૨ થી તા. ૧૮-૫-૨૦૨૨ દરમ્યાન લાયસન્સીંગ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષા લેવામાં આવનાર છે. પરીક્ષામાં પ્રવેશ પાત્ર ઉમેદવારોના નામ, રોલ નંબર તેમજ પરીક્ષાનું વિગતવાર સમયપત્રક આ ખાતાની વેબસાઈટ https://ceiced.gujarat.gov.in પર મુકવામાં આવ્યુ છે તેમ ઉદ્યોગભવન સ્થિત લાયસન્સીંગ બોર્ડના સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

સેકટર-૩ ડી ખાતે ઘર નજીક પાર્ક કરેલા એકટીવાની ચોરી

ગાંધીનગર,તા.૧૨

શહેરના સેકટર-૩ ડી માં ઘર નજીક આવેલી ખુલ્લી જગ્યામાંથી એકટીવાની ચોરી થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ ડી પ્લોટ નં.૧૧૦૫-૨ ખાતે પરિવાર સાથે રહેતા જીગર મહેશકુમાર સોની (ઉં.૩૬) સચિવાયલ ખાતે વનવિભાગમાં સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓની પાસે હોન્ડા એકટીવા નં. જી.જે.૧૮.ડી.એલ.-૪૬૧૧ હતું. ગત તા.૯ મે ના રોજ ૧૨ વાગે જીગરભાઈના પત્ની એકટીવા લઈ શોંપીગમાંથી આવી એકટીવા મકાનની પાછળ પ્લોટ નં.૧૧૦૨ પાસે ઝાડ નીચે બંધ મકાનની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે તા.૧૦ ના રોજ સવારે એકટીવા લેવા માટે ગયા હતા.ત્યારે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. જેથી ઘરના સભ્યો તેમજ આસપાસના વસાહતીઓને પુછપરછ કરી હતી. પરંતુ એકટીવા કોઈએ જોયુ ન હતું. જયારે એકટીવા અંગે વિવિધ જગ્યાએ શોધખોળ કરી હતી. પરંતુ એકટીવા મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે રૂ.૮૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસમાં મુસાફર પાસેથી ૯૬ કવાર્ટર મળ્યા

ગાંધીનગર,તા.૧૨

ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી.તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી શ્રીનાથ ટ્રાવેલ્સની બસ નં. એ. આર. ૦૧. ટી.-૨૪૧૮ આવી રહી હતી. આ બસને સાઈડમાં કરાવી પોલીસે ડ્રાઈવર કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાનની તલાશી લેવાનું શરુ કર્યું હતું. તે સમયે બસમાં એક મુસાફર સીટ નીચે થેલો સંતાડી શંકાસ્પદ રીતે બેઠો હતો. જેથી પોલીસે થેલો ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારુના ૯૬ કવાર્ટર મળી આવ્યા હતા. પોલીસે મુસાફરનું નામ પુછતા તેણે પોતાનુ નામ વિક્રમસિંહ નંદભવરસિંહ રાજપૂત (રહે.સી-૫૭, પંચામૃત એપાર્ટમેન્ટ ટીબી હોસ્પિટલ પાછળ વડોદરા) હોવાનું જણાવ્યુ ંહતું. પોલીસે રૂ.૮૧૬૦ની કિંમતનો ૯૬ કવાર્ટર દારુના કબ્જે કરી વિક્રમસિંહ સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પુન્દ્રાસણ ગામે લાઈટના અજવાળે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

પુન્દ્રાસણ થી કોલવડા જતા માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અજવાળે કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓ પેથાપુર પોલીસના હાથે ઝડપાઈ ગયા છે.જયારે બાકીના ચાર થી પાંચ જુગારીઓ અંધારાનો લાભ નાસી છુટ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૭,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસના જવાનો રાત્રીના સમયે પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે પુન્દ્રાસણ થી કોલવડા જવાના માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

જેને પગલે ચાર થી પાંચ જુગારીઓ અંધારાનો લાભ લઈ નાસી છુટ્યા હતા.જયારે પોલીસે ત્રણ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા ઉવારસદ ગામનો ૩૬ વર્ષિય જગદીશ રતિભાઈ પટેલ, ઉવારસદ ગામના કલ્પેશ લાલભાઈ પટેલ અને ઉવારસદ ગામના પ્રવિણ બાબુજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૭,૩૦૦ કબ્જે કરી જુગારીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રણછોડપુરા ગામે ઘરની બાજુમાં દાટીને રાખેલી દારૂની ૨૮ બોટલ મળી

ગાંધીનગર,તા.૧૨

રણછોડપુરા ગામમાં રહેતા સુરેશ ઠાકોરના ઘરની બાજુમાં દાટીને રાખેલી રૂ.૧૧ હજારથી વધુની કિંમતની ૨૮ બોટલ મળી આવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા.તે સમયે તેઓને બાતમી મળી હતી કે રણછોડ પુરા ગામે રહેતા સુરેશ ઠાકોર વિદેશી દારુનું વેચાણ કરે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા સુરેશ ઠાકોર મળી આવ્યો ન હતો. જેથી પોલીસે ઘર અને આસપાસમાં તપાસ કરી હતી. જેને પગલે ઘરની બાજુમાં ભીની માટી જણાઈ હતી. જેને પગલે પોલીસે પાવડો લઈ તે દુર કરતા કાચા ભોંયરા જેવો ખાડો મળી આવ્યો હતો. પોલીસને તેમાંથી વિદેશી દારુની ૨૮ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૧,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વોન્ટેડ સુરેશ ઠાકોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગુજરાતની પ્રથમ ઈજનેરી કોલેજના વિકાસમાં સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તન-મન-ધનથી યોગદાન આપીએ : જશવંતભાઈ પટેલ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતની સૌપ્રથમ ઈજનેરી કોલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય આગામી ૧૪ જૂને ૭૪ વર્ષ પૂર્ણ કરીને ૭૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. કોલેજના અમૃત મહોત્સવ વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાતભરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ગેટ ટુ ગેધર મળી રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, ગાંધીનગર અને અમદાવાદમાં વસતા પૂર્વવિદ્યાર્થીઓનું ગેટ ટુ ગેધર સરદારધામ ખાતે મળ્યું હતું. જેમાં સામાજિક, રાજકીય, શૈક્ષણિક, ઉદ્યોગ, સંશોધન વગેરે ક્ષેત્રે અગ્રેસર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. તમામ વિદ્યાર્થીઓએ સરદારધામ કેમ્પસની મુલાકાત લઈને પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમમાં સુરેન્દ્રભાઈ પટેલ(કાકા), જીતુભાઈ શાહ, આર.એમ. દેખાવાલા, કિરીટ સારૈયા, મહેશ કામદાર, ગણપત યુનિ.ના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. એલ. એન. પટેલ, ગુજરાત યુનિ.ના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ.

એમ. એન પટેલ, ઉદ્યોગપતિ વસંત પટેલ, રમણ પટેલ, પ્રફુલ લખાણી, ડૉ. ઈન્દ્રજીત પટેલ, ડૉ. દેવાંશુ પંડિત, ડૉ. પરેશ કારિયા વગેરે અગ્રણીઓએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન અને બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી જશવંતભાઈ પટેલે કોલેજના વિકાસ માટે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંગઠિત થઈને તન-મન-ધનથી યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

કોક્ષ એન્ડ કીંગ કંપનીના ડાયરેકટરોએ બેંક સાથે રૂ.૧૧૦૮ કરોડની છેતરપિંડી આચરી

ગાંધીનગર, તા.૧૨

જગ વિખ્યાત કોક્ષ એન્ડ કીંગ કંપનીના મુળભુત ડાયરેકટર દ્વારા પેટા કંપની ઉભી કરી રૂ.૧૧૦૮ કરોડની લોન ને યસ બેંકમાં કંપીના ખોટા વાર્ષિક અહેવાલ રજુ કરીને આયોજનપૂર્વક કારસો ઘડી બેંક સાથે છેંતરપિંડી કરવામાં આવી છે. આ અંગે યસ બેંકના ચીફ વિજીલન્સ ઓફિસર દ્વારા ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ પોલીસ મથકમાં ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુંબઈ ખાતે આવેલી યસ બેંકના ચીફ વિજીલન્સ ઓફિસર સંદિપ મહેરાએ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ફરીયાદ નોંધાવ્યા મુજબ વર્ષ ૨૦૧૭માં કોક્ષ એન્ડ કીંગ ગ્રુપની ઈઝી ગો વન ટ્રાવેલ્સ એન્ડ ટુર્સ લીમીટેડ દ્વારા લોનની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ બેંક સાથે સંબંધો પ્રસ્થાપિત થયા હતા. બાદમાં કોક્ષ એન્ડ કીંગ ગ્રુપની પેટા કંપની પ્રોમેથોન એન્ટરપ્રાઈઝ લીમીટેડ (પીઈએલ) ને પણ લોની જરુર પડતા યસ બેંક દ્વારા ૧૪૦૦ કરોડ (યુએસડી ૧૮૭ એમએમ) વર્ષ ૨૦૧૮ માં મંજુર કર્યા હતા. આ લોનમાંથી યુએસડી ૩૦ એમએમ નવેમ્બર ૨૦૧૮માં અબુધાબી કોમર્શિયલ બેંક કે જે હાલ યુએઈ ખાતે આવેલી છે. તેને વેચવામાં આવી હતી. આ લોન એક વિદેશી કંપનીને આપવાની હોવાથી યસ બેંકની ગીફટસીટી ગાંધીનગર આવેલી ઈન્ટરનેશનલ ફાયનાન્સ સર્વિસ સેન્ટર ખાતે બુક કરવામાં આવી હતી. જયારે પીઈએલ ને તા.૧૫-૩-૨૦૧૮ના રોજ ૧૮૫ એમએમ જીબીપી લોન એકિસસ બેંક હોંગકોંગ ના એકાઉન્ટમાં મોકલી અપાઈ હતી. જેને પગલે કરાર મુજબ વ્યાજ અને મુદ્દલ ત્રણ મહિને લોન એકાઉન્ટમાં જમા કરાવવામાં આવતા હતા. આરબીઆઈની ગાઈડ લાઈન મુજબ પીઈએલ દ્વારા પૈસા નહી ચુકવવામાં આવતા તેનું એકાઉન્ટ એનપીએ જાહેર કરવામાં આવ્યું હતું. બેંક દ્વારા પીઈએલ કંપની ઉપર લંડનમાં એડમીનીસ્ટ્રેટીવની નિમણુંક કરી યુકે કોર્ટના હુકમ મુજબ કંપનીના રેકોર્ડ ચેક કરાયા હતા. જેમાં પીઈએલ દ્વારા આપવામાં આવેલા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ અને વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના વાર્ષિક રીપોર્ટ બનાવટી હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત પીઈએલ દ્વારા લોનની પૂર્વ ચુકવણી માટે જે એજ્યુકેશન બિઝનેસનું વેચાણ કરવામાં આવ્યું હતું. તેમાંથી થયેલી આવક ઉપર સૌ પ્રથમ યસ બેંકનો હક હોવા છતા નાણા અન્ય સ્થળે ડાયવર્ટ કરી દેવામાં આવ્યા હતા. જેને પગલે બેંક દ્વારા પીઈએલ ના એકાઉન્ટને રેડ ફલેગ એકાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.આરબીઆઈએ પણ એ જ રીતે પીઈએલના એકાઉન્ટને રેડ ફલેગ જાહેર કર્યું હતું. બેંક સાથે આયોજન પૂર્વક રૂ.૧૧૦૮ કરોડની છેતરપિંડી આચરવામાં આવતા કોક્ષ એન્ડ કીંગ ના મુળભુત ડાયરેકટર - અધિકારી અભિષેક ગોયન્કા, એન્થોની બૃટન મેરીક ગુડ, અજય અજીત પીટર કેરકર સામે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધાયો છે.

વાવોલ જન્નત સાઈટ પરથી કોન્ટ્રાકટરનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદ વિસત પેટ્રોલ પંપ પાછળ હરીઓમ નગર વિભાગ-૨ ખાતે રહેતા ચેતન ઈશ્વરજી ઠાકોર કોન્ટ્રાકટર તરીકે કામ કરે છે. ગાંધીનગર વાવોલ રેલ્વે ફાટક પાસે જન્નત સાઈટ પર લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરી રહ્યા છે. તેઓ અમદાવાદ થી ગાંધીનગર આવન જાવન માટે બાઈક નં. જી.જે.૦૧.એમ.વી.૨૪૫૫ નો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૧ રોજ બપોરના દોઢ વાગ્યાના અરસામાં ચેતન ઠાકોર બાઈક સાઈડમાં પાર્ક કરી કામ કરવા માટે ગયા હતા. જયારે સાંજના ચાર વાગ્યાના અરસામાં પાર્ક કરેલુ બાઈક લેવા માટે જતા બાઈક જ ન હતું. શહેરી વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી પરંતુ બાઈક મળી આવ્યુ ન હતું. જેથી ચેતન ઠાકોરે સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે.

સરગાસણ અટ્રીયા કોમ્પ્લેક્ષની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૧૨

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ એમએલએ કવાર્ટસ ખાતે રહેતો જેનીલ અનિલભાઈ સોરઠીયા ગાંધીનગર રહીને સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ પરિક્ષાની તૈયારી કરે છે. તેની પાસે તેના પિતાજીની માલિકીનું વર્ષ ૨૦૧૧ના મોડલનું હીરો હોન્ડા કંપનીનું બાઈક જી.જે.૧૩.ડી.ડી.-૪૭૧૯ હતું જેનો ઉપયોગ કલાસીસ આવન જાવન માટે કરતો હતો.

ત્યારે ગત તા.૧૦ ના રોજ બપોરના સાડા ચાર વાગે સરગાસણ ચોકડી પાસે ચા નાસ્તો કરવા માટે ગય ા હતો. ત્યારપછી પોણા છ વાગે બાઈક અટ્રીયા કોમ્પ્લેક્ષ પાસે આવેલી ખુલ્લી પાર્કિંગમાં પાર્ક કર્યુ હતું. કલાસીસમાં અભ્યાસ માટે ગયા પછી મોડી સાંજે બાઈક જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે યુવકે સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે.

સતત અભાવોની વચ્ચે જીવતા શ્રમજીવી પરિવારોના બાળકો નાની ઉમંરે જ ઘરની જવાબદારીઓ વહન કરતા થઈ જાય છે. આવા બાળકો તાપ-તડકાની પરવાહ કર્યા વિના ઘરના તમામ કાર્યો કરે છે. હાલમાં ખુબ તડકો પડી રહ્યો છે ત્યારે આ નાની બાળકી તડકાની પરવાહ કર્યા વિના પરિવાર માટે દૂધ ખરીદવા નીકળી છે. સાયકલ લઈને નીકળેલી આ બાળકી પરિવારને સહયોગ આપી રહી છે.

રાજ્યના દરેક ઘરમાં નળ થી જળ પહોંચાડશે

ગાંધીનગર,તા.૧૧

અમદાવાદના આશ્રમ રોડ ખાતે નેટવર્ક ૧૮ની ગુજરાતી ન્યુઝ ચેનલ ન્યૂઝ ૧૮- ગુજરાતીના રાઈઝિંગ ગુજરાત ૨૦૨૨' કાર્યક્રમને સંબોધતા આરોગ્ય મંત્રી કહ્યું કે, પ્રત્યેક રાજ્યમાં AIIMS ખોલવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ નું સ્વપ્ન છે અને તે દિશામાં ગંભીરતાપૂર્વક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે , ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે મૂળભૂત માળખાકીય સુવિધાઓ ઊભી

કરવામાં આવી રહી છે,જેથી આગામી ૧૦ વર્ષમાં દક્ષિણ ગુજરાતના લોકોએ સારવાર માટે અમદાવાદ નહી આપવું પડે.

તેમણે દેશમાં રસીકરણ માટે થયેલા મહાઅભિયાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, રસીકરણના કારણે આપણે કોરોના ની ત્રીજી લહેર અટકાવી શક્યા જેનો શ્રી વડાપ્રધાનશ્રી ને જાય છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે , દેશના દરેક રાજ્યના આરોગ્ય સુવિધાઓ ને લગતા માપદંડો જુદા જુદા છે.

નરેન્દ્રભાઈએ ગુજરાતમાં આરંભેલા વિકાસ રથની ગતિને સરકાર ક્યારે મંદ પડવા દેશે નહીં તેમ મંત્રીશ્રીએ ભારપૂર્વક ઉમેર્યું હતું. ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, નલ સે જલ યોજના અંતર્ગત છેવાડાના માનવી સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે અને આગામી ઓકટોબર સુધીમાં ગુજરાતમાં આ યોજનાનાનું ૧૦૦ ટકા અમલીકરણ કરીને રાજ્યના દરેક ઘરમાં નળ થી જલ પહોંચતું કરવામાં આવશે.